
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




માસ્ક પહેરવાથી આપણાં ધર્મનો પોષાક બદલાઈને બીજા ધર્મ જેવા આપણે લાગીએ તો પણ આ પહેરવો જરૂરી છે..!!

# ગાંધીનગર ડેપોના બિલ્ડીંગ રીનોવેશન માટે ૭૦ લાખનો ખર્ચ કરાશે

### બે દિવસમાં એસ ટી નિગમની સમિતિ ડેપોનુ નિરિક્ષણ કરી રીનોવેશનની કાર્યયોજના આખરી કરશે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના અધ્ધરતાલ છે. બીજીતરફ ડેપો બિલ્ડીંગના રીનોવેશનનુ કામ ટુંકમાં શરૂ કરવામાં આવશે. ડેપોના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૭૦ લાખનો ખર્ચ કરાશે. બે દિવસમાં એસ ટી નિગમની સમિતિના સભ્યો ડેપોમાં સ્થિતિનુ નિરિક્ષણ કરી રીનોવેશનની યોજના આખરી કરશે. આ તબક્કે ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત થાય તેવી માંગણી પણ સ્થાનિકોમાં પ્રબળ બની છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવાની યોજના લાંબા સમયથી અધ્ધરતાલ છે. ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો પણ અભાવ છે. બીજીતરફ મુસાફરોની સલામતી પણ રામભરોસે છે. બે દાયકાથી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવાની રજુઆતનો હજુ પણ અંત આવ્યો નથી. જેના લીધે ડેપો સંકુલમાં ફરતા ગઠીયાઓ ગમે ત્યારે મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લે છે. ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી સી સી કેમેરા પણ બંધ હાલતમાં છે. બીજીતરફ ડેપોનુ બિલ્ડીંગ પણ કંગાળ ભાસી રહ્યુ છે. આ સ્થિતિને અનુલક્ષી હાલ એસ ટી નિગમ દ્વારા ગાંધીનગર ડેપોના બિલ્ડીંગનુ જરૂરી રીનોવેશન હાથ ધરવા નિર્ણય લીધો છે. જેમાં ડેપોમાં કલરકામ , લાઈટીંગ ,ફલોરીંગ સહીતની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટે એકાદ દિવસમાં એસ ટી નિગમની સમિતિ પણ ટુંકમાં રાઉન્ડ લઈને ડેપોનુ નિરિક્ષણ કરશે ડેપો સંકુલમાં રીનોવેશન માટે જરૂરી સુધારા વધારા પણ સુચવશે. જેમાં મુસાફરલક્ષી સુવિધાઓનો વિશેષ ખ્યાલ રાખવામાં આવશે. ગાંધીનગર ડેપોના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૭૦ લાખનો ખર્ચ નિયત કરાયો છે ત્યારે રીનોવેશનની યોજના પણ આખરી થતા હવે ટુંક સમયમાં કામ શરૂ કરી ડેપોને નવા રૂપરંગ આપવામાં આવશે. આ તબક્કે ડેપોમાં પોલીસ ચોકી પણ કાર્યરત થાય તે માટે મુસાફરોએ તેમજ સ્થાનિક રહીશોએ પણ માંગણી કરી છે.




## ગુજરાતી ભાષાની "ઉચ્ચ શ્રેણી" પરીક્ષા આગામી ૩૦ અને ૩૧ જુલાઈના રોજ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ભાષા નિયામકશ્રીની કચેરી દ્વારા લેવાતી ગુજરાતી ભાષાની ''ઉચ્ચ શ્રેણી''ની પરીક્ષા આગામી ૩૦ અને ૩૧ જુલાઈ-૨૦૨૧ ના રોજ સરકારી કોમર્સ કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે. ઉમેદવારોએ કોવિડની ગાઈડ લાઈનનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. માસ્ક સિવાય ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ મળશે નહિ એમ ભાષા નિયામકશ્રીની કચેરીની યાદીમાં જણાવાયુ છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર ગુજરાતી ભાષાની ઉચ્ચ શ્રેણીની પરીક્ષાનું પેપર-૧ તા. ૩૦-૭-૨૦૨૧ના રોજ બપોરે ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાકે, પેપર-૨ આજ દિવસે બપોરે ૧૫-૦૦થી ૧૮-૦૦ કલાક દરમિયાન યોજાશે.

આ ઉપરાંત મૌખિક પરીક્ષા તા.૩૧-૭-૨૧ના રોજ સવારે ૧૧-૦૦ કલાકથી યોજાશે. તો જે ઉમેદવારોએ ફોર્મ ભર્યા હોય તેવા સંબંધિત અધિકારી-કર્મચારીઓને પ્રવેશપત્ર ટપાલ દ્વારા મોકલી દેવાયા છે. તો અરજદારોએ પ્રવેશપત્ર અને કચેરીના ઓળખપત્ર સાથે ઉપસ્થિત રહેવા વધુમાં જણાવાયુ છે.



ગાંધીનગર શહેરમાં અનેક વિકાસ કાર્યો થયા છે અને હાલમાં પણ તેનુ કાર્ય ચાલી રહ્યુ છે. નવા વિકાસ કાર્યોની દોડમાં ક્યારેય જૂના વિકાસ કાર્યો તરફ આંખ આડા કાન કરવામાં આવે છે. સરગાસણના વિકસતા વિસ્તારમાં તંત્ર દ્વારા તળાવ બનાવાયુ હતુ પરંતુ તેની જાળવણી યોગ્ય રીતે થતી નથી. મેન્ટેનન્સ નિયમિત રીતે ન થતા તળાવમાં જંગલી વૃક્ષો ઉગી નીકળ્યા છે. વરસાદી પાણી અહીં ભરાતા મચ્છરોનો ઉપદ્રવ પણ ખૂબ વધ્યો છે.

## ગાંધીનગર જિલ્લામાં મંગળવારે ૮,૫૦૮ વ્યક્તિઓને કોરોનાની રસી અપાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર ૨૬ જુલાઈના ૫.૦૦ કલાક બાદ એકપણ કોરોનાનો કેસ નોંધાયો નથી. તેમજ એકપણ વ્યક્તિનું મૃત્યૃ થયું નથી. આજે જિલ્લામાં કુલ-૮,૫૦૮ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલમાં દાખલ દર્દીઓ પાંચ છે. તેમજ ડિસ્ચાર્જ ૯,૬૫૬ દર્દીઓને કરવામાં આવ્યા છે. ૧૧૫ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન છે. કોરોનાને નાથવા માટે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ.કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌતમના માર્ગદર્શન હેઠળ, આરોગ્ય તંત્રના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા કોરોનાનું રસીકરણ સુચારું રીતે થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આજે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ કોરોના રસીના સેન્ટરો પર કુલ ૮,૫૦૮ વ્યક્તિઓને કોવિડ-૧૯ની રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪,૮૪,૯૩૦ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧,૨૯,૭૧૬ વ્યકતિઓને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

## ખૂણેખાંચરેથી

- પ્રાથમિક શાળાના બાળકો માટે ચાલતી મધ્યાહન ભોજન યોજનામાં ગાંધીનગર શહેરમાં હેલ્પર તરીકે ફરજો બજાવતા ૫૦ નાના કર્મયોગીઓને આજે અક્ષયપાત્ર દ્વારા કીટ આપવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લામાં આજે વરસાદે વિરામ લેતાં ઉઘાડ નીકળ્યો હતો જો કે ગાંધીનગરમાં હળવા વરસાદી ઝાપટા નોંધાયા હતા.
- ગાંધીનગરના સચિવાલય સંકુલમાં પણ આજે મુલાકાતીઓની સંખ્યા ઓછી હતી.
- રાજ્ય સરકારે નિરાધાર બનેલા બાળકોને સહાય આપવાની યોજનાનો વિસ્તાર કરી અને બાળકે મા કે બાપ ગુમાવ્યા હોય તેવા બાળકને પણ સહાય આપવાનો નિર્ણય કર્યો છે.
- કોરોના મહામારીમાં જીવ ગુમાવનાર કલાકાર જેની વાર્ષિક આવક બે લાખથી ઓછી હોય તેવા કલાકારોની યાદી તૈયાર કરવાની સૂચના જિલ્લાતંત્રોને સરકારે આપી છે.
- ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં જિલ્લામાં નિર્માણ પામેલ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લોકાર્પણનો કાર્યક્રમ યોજવાનું આયોજન હાથ ધરાયુ છે.
- ગાંધીનગર જિલ્લામાં આશા/એ.એન.એમ.ને યોગ સહિતની બે દિવસીય તાલિમનું આયોજન કલોલ તાલુકાના ઈસંડ ખાતે કરવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ કોરોનાના ૪ દર્દી દાખલ છે જેમાં એક ઓક્સિજન પર અને એક દર્દી એન.આર.બી.એમ. પર સારવાર હેઠળ છે.

## જૈન દેરાસર ખાતે સુકૃત ઉત્સવ અંતર્ગત શહેરના દિવ્યાંગ બાળકોનું બહુમાન કરાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેકટર-૨૨ ખાતે જૈન દેરાસરમાં રાષ્ટ્રસંત આચાર્ય પૂ. પદમ સાગરસૂરીશ્વરજી મ.સા.ના મુનિપ્રવર પૂ. પદ્મરત્નસાગરજી મ.સા.ના સંયમ જીવનની પુણ્યસ્મૃતિ દિવસ નિમિત્તે તા. ૩૧મી જુલાઈ શનિવારે અષાઢ વદ-૭ના દિવસે આરાધના-અનુકંપા સુકૃત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં સવારે ૮.૪૫થી ૧૦.૩૦ કલાક દરમિયાન સમૂહ સામયિકના આયોજન સાથે શહેરની તમામ દિવ્યાંગ બાળકો માટેની સંસ્થાના દિવ્યાંગોનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવશે. આ દિવ્યાંગ બાળકોની સંસ્થાના બાળકોમાં અંધજન, વિકલાંગ, મૂક-બધિર વગેરે બાળકો ગુરૂભકિત પ્રસ્તુત કરશે. આ કાર્યક્રમના લાભાર્થી ગુરૂકૃપા પરિવાર છે અને કાર્યક્રમનું આયોજન શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા કરવામાં આવ્યું છે.

## આજે સે. ૧ ખાતે 'નેચર્સ ફર્સ્ટ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગરના વેસ્ટર્ન એગ્રી સીડ્સના સહયોગથી અને પૂ. પ્રાગદાસબાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮મી જુલાઈ બુધવારે સવારે ૯.૪૫ કલાકે શહેરના સેક્ટર-૧માં માજી ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન સામે 'નેચર ફર્સ્ટ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે 'નેચર્સ ફર્સ્ટ' અંતર્ગત ૧,૧૧,૧૧૧ વૃક્ષો વાવીને ઉછેરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે જે અંતર્ગત આ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શહેરના સેવાભાવી અને પ્રકૃતિપ્રેમીઓને જોડાવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જિલ્લામાં વિતરણ માટે ઘઉં-૫૦,૬૭૨, ચોખા-૧૫,૫૪૯, દાળ-૬૮૭, ખાંડ-૯૫૩ ક્વિન્ટલ જથ્થો ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં હાલ ચાલી રહેલ જાહેર વિતરણ વ્યવસ્થા તેમજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ વિતરણ કરવામાં આવતો જથ્થો તમામ તાલુકાઓમાં પુરતી માત્રામાં જથ્થો ઉપલબ્ધ છે. ગાંધીનગર જિલ્લામાં ઘઉં-૫૦,૬૭૨, ચોખા-૧૫,૫૪૯, દાળ-૬૮૭, ખાંડ-૯૫૩ અને મીઠું-૧,૬૭૦ ક્વિન્ટલ જથ્થો ઉપલબ્ધ છે. તેવું જિલ્લા પુરવઠા અધિકારી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે.

જિલ્લા પુરવઠા અધિકારી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે કે ઓગસ્ટ-૨૦૨૧માં રેશનકાર્ડ ધારકોને સમયસર આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો મળી રહે તે માટે જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ પુરવઠા તંત્ર દ્વારા સુચારું વ્યવસ્થા કરવામાં આવી છે.

હાલમાં ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં ઘંઉ -૧૯૮૯૮ ક્વિન્ટલ, ચોખા-૩૩૦૧ ક્વિન્ટલ, દાળ-૩૬૯ ક્વિન્ટલ, ખાંડ-૪૮૪ ક્વિન્ટલ અને મીઠું ૪૩૮ ક્વિન્ટલ છે. તેમજ કલોલ તાલુકામાં ઘંઉ-૧૮૭૧ ક્વિન્ટલ, ચોખા-૪,૪૦૧ ક્વિન્ટલ, દાળ-૬૦ ક્વિન્ટલ, ખાંડ-૧૭૨ ક્વિન્ટલ અને મીઠું ૩૭૪ ક્વિન્ટલ, દહેગામ તાલુકામાં ઘંઉ-૨૫,૬૯૭ ક્વિન્ટલ, ચોખા-૩,૭૦૮ ક્વિન્ટલ, દાળ-૧૯૨ ક્વિન્ટલ, ખાંડ- ૧૯૦ ક્વિન્ટલ અને મીઠું ૩૭૫ ક્વિન્ટલ અને માણસા તાલુકામાં ઘંઉ-૩૨૦૬ ક્વિન્ટલ, ચોખા-૪૪૩૯ ક્વિન્ટલ, દાળ-૬૬ ક્વિન્ટલ, ખાંડ-૧૦૭ ક્વિન્ટલ અને મીઠું ૪૮૩ ક્વિન્ટલ જથ્થો ઉપલબ્ધ છે.

હાલમાં ગાંધીનગર જિલ્લા ખાતે ડોર સ્ટેપ ડીલીવરી ઈજારા મારફત વાજબી ભાવની દુકાન પર જથ્થો પહોંચાડવામાં આવે છે. હાલમાં ૭૩ ટકા જેટલું વિતરણ જિલ્લા ખાતે થયું છે. બાકીનું વિતરણ ચાલુમાં છે. ચાલી રહેલ રેગ્યુલર તેમજ પી.એમ.જી.કે.એ.વાય.ના ૫૦-૫૦ ટકા જથ્થો વિતરણ માટે એફ.પી.એસ. પર પહોંચાડવામાં આવે છે. અને વિતરણ શરૂ થયા બાદ ૩-૫ દિવસમાં બાકીનો જથ્થો તમામ એફ.પી.એસ. ખાતે પહોંચતો કરવામાં આવે છે.

## સોખડાના હરિપ્રસાદ સ્વામીને ગૃહમંત્રી અમીતભાઈ શાહની અંજલિ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર લોકસભા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે સ્વામિનારાયણ હરિધામ સોખડાના સંસ્થાપક પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીના થયેલ નિધન અંગે શોકની લાગણી વ્યક્ત કરી હતી.

અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે સ્વામિનારાયણ સંપ્રદાયના હરિધામ સોખડાની સ્થાપના કરવાની સાથે પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીએ યોગી ડિવાઈન સોસાયટીના માધ્યમથી સમગ્ર દેશ અને ગુજરાતમાં ધર્મ જાગૃતિ, સંસ્કાર સિંચન, વ્યસન મુક્તિ અને કેળવણીની આહલેક જગાવી હતી. વિશ્વ વંદનીય સંત યોગીજી મહારાજના તેઓ શિષ્ય રહ્યા અને તેઓની દર્શન શક્તિ તેમજ લોક કલ્યાણના ધ્યેયને તેમણે સુપેરે આગળ ધપાવ્યા. તેઓએ કહ્યું હતું કે ગુજરાતમાં વિદ્યાર્થીઓના મૂલ્ય શિક્ષણ અને કેળવણી ક્ષેત્રે હરિપ્રસાદ સ્વામીજી પ્રેરિત ''આત્મીય સંસ્થાનોનો'' અમૂલ્ય ફાળો રહ્યો છે. પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીએ ૫૬ વર્ષો સુધી શ્રી હરિની ભક્તિ કરવાની સાથે સાથે સમાજના ઉત્કર્ષ અને નાગરિકોના ઘડતરમાં આપેલ યોગદાન હંમેશા લોકોના માનસપટ પર અંકિત રહેશે.

## પ્લસ સર્કલની નેશનલ સ્પોર્ટસ કમીટીના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર પદે ભરતજી ઠાકોરની વરણી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના ભરતજી ઠાકોરની પ્લસ સર્કલની નેશનલ સ્પોર્ટસ કમીટીના એક્ઝિક્યુટિવ



ડાયરેક્ટર પદે તથા ઈન્ટરનેશનલ કોર કમિટીના સભ્યપદે નિમણૂંક કરવામાં આવી છે જેના પગલે શહેર તથા જિલ્લાના ફેન્સિંગ એસોસિએશન તેમજ રમતપ્રેમીઓમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. આ સાથે તેમના નેતૃત્વમાં નેશનલ ઓપન ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભરતજી ઠાકોર ગાંધીનગરના ઉવારસદ ગામના મૂળ વતની છે અને હાલ સેક્ટર-૫ માં સ્થાયી થયાં છે. તેઓ શાળા-કોલેજના સમયથી રમતગમત સાથે સંકળાયેલા છે અને સળંગ ત્રણવાર બેસ્ટ એથ્લેટ અને બેસ્ટ સ્પોર્ટસ પર્સનનો ખિતાબ મેળવી ચુક્યા છે. ગુજરાત સરકાર દ્વારા તેમને વર્ષ-૨૦૧૭માં જયદિપસિંહજી બારીયા સિનિયર એવોર્ડથી સન્માનિત કરાયાં હતા અને નાસીક ખાતે કોન્ડાજી નામદેવ દુધારે ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રીય યુવા પુરસ્કાર એનાયત કરાયો હતો. તેઓ પોલેન્ડ ખાતે ૨૦૧૭માં યોજાયેલ ઈન્ટરનેશનલ ચાઈલ્ડ કમ ફેન્સીંગ ટૂર્નામેન્ટમાં ભારતની ટીમના કોચ તરીકે સેવા આપી ચૂક્યા છે. તેઓને અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી સહિત માણસાના પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી અને ફેન્સીંગ એસોસિએશનના ગાંધીનગરના પ્રમુખ સંજીવભાઈ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## બીબીએના ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરાયું

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે અલ્યુમની વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિવર્સિટી ના મેનેજમેંટ ફેકલ્ટીના ડીન તેમજ એસ.વી.ઈનોવેશન ફાઉન્ડેશનના ડો. ભાવિન પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય વક્તા દ્વારા




વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. સફળ કારકિર્દીના ઘડતર માટે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસનું મહત્વ તેઓએ સમજાવ્યુ હતું. તેમજ વિદ્યાર્થીઓ ને ઉચ્ચ અભ્યાસમાં વિકલ્પની પસંદગી બાબતે સાવચેતી રાખવા જણાવ્યુ હતું. સાથે સાથે ઉચ્ચ અભ્યાસ દરમ્યાનના પડકારો અને ત્યારબાદ યોગ્ય પ્લેસમેંટ કઈરીતે મેળવવું તે બાબતે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે કોવિડ બાદ દેશ અને વૈશ્વિક સ્તરે બદલાયેલી આર્થિક પરિસ્થિતી અને તેના આધારે વિદ્યાર્થીઓને કારકિર્દીમાં જો સ્વચ્છ જેવા કોર્સની પસંદગી કરવા માં આવે તો ખૂબ ઉજ્વળ તકો હોવાનું જણાવ્યુ હતું. સમગ્ર દુનિયામાં ગુજરાત એ ફાસ્ટ ગ્રોઈંગ સ્ટેટ અને રોકાણકારો નું સ્વર્ગ બનવા જઈ રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓ ને તેનો મહતમ લાભ લેવા સમજાવ્યું હતું.



## જન્મદિને જરૂરિયાતમંદ બાળકોને ભોજન પીરસાયું

ગાંધીનગર વણકર સમાજના ટ્રસ્ટી આશિષ બાબુલાલ બેન્કરના જન્મદિન નિમિત્તે તેઓના પરિવાર, ગાંધીનગર વણકર સમાજના ટ્રસ્ટી મંડળ અને ગાંધીનગર ચાઈલ્ડલાઈન ૧૦૯૮ના સહયોગથી કલોલ રેલ્વે પૂર્વ વિસ્તારના ૧૫૦ જરૂરિયાતમંદ બાળકોને ભોજન પુરું પાડવામાં આવ્યું હતું.

## રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા કોરોનાના ૩૦ કેસ

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં કોરોના વાયરસની બીજી લહેર અસ્ત થઈ ગઈ છે. હવે ફક્ત ઔપચારિક દ્દષ્ટીએ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે અને મોટી સંખ્યામાં થતા ટેસ્ટ છતાં પણ છેલ્લા કેટલાય દિવસથી રાજ્યમાં ફક્ત ૩૦-૪૦ની વચ્ચે નવા કેસ નોંધાઈ રહ્યા છે. દરમિયાન આજે કોરોના વાયરસના નવા ફક્ત ૩૦ કેસ નોંધાયા છે. આજે રાજ્યના ૨૫ જિલ્લા અને ૩ મહાનગરોમાં કોરોના વાયરસના શૂન્ય કેસ નોંધાયા છે. જ્યારે બાકીના ૮ જિલ્લા અને ૫ મહાનગરોમાંથી મળીને રાજ્યના કુલ ૩૦ કેસ નોંધાયા છે. જેની સામે આજે ૫૭ દર્દીઓ સાજા થઈ ગયા છે. રાજ્યમાં કોવીડના કારણે આજે એક પણ મોત નથી. રાજ્યમાં એક્ટિવ કેસનો આંકડો પણ રેકોર્ડબ્રેક તળિયે પહોંચી ગયો છે. ફક્ત ૨૮૫ એક્ટિવ કેસ અને ૦૫ વેન્ટિલેટર દર્દી સાથે રાજ્યમાં રિકવરી રેટ ૯૮.૭૪ ટકાએ પહોંચી ગયો છે. રાજ્યમાં કોરોના વાયરસથી થયેલા મોતનો આંકડો ૧૦,૦૦૭૬ પર સ્થિર છે. અત્યારસુધીમાં કુલ ૩.૨૧,૭૫,૪૧૬ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે.

## ૫૦૦૦ પાટીદાર પરિવાર ૩૦ જુલાઈ સુધીમાં ૧૦ લાખના ઉમા છત્ર કવચથી સુરક્ષિત બનશે

ચિલોડા, તા. ૨૭

પાટીદાર સમાજના ઉત્કર્ષ હેતુ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાબરકાંઠા જિલ્લા



પ્રમુખ ઉર્વેશ પટેલ (મજરા) અને તેમની ટીમ દ્વારા ઈડર, વડાલી તાલુકાના ડુંગરાળ વિસ્તારના છેવાડાના ગામે ગામ જઈને ખેતી, પશુપાલનના વ્યવસાય સાથે આજીવિકા પૂરી પાડતા ભાઈઓ-બહેનોને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા લોન્ચ કરાયેલ ''ઉમા છત્ર'' સુરક્ષા યોજનામાં સહભાગી બનાવ્યા.

નાના-મોટાનો ભેદભાવ ભુલી સમાજને એક જૂથ (સંગઠિત) કરવાનું આ ભગીરથ સેવાકાર્ય ખૂબજ પ્રેરણાદાયક છે.

પાટીદાર સમાજના ઉત્કર્ષ હેતુ સાબરકાંઠા પ્રમુખ ઉર્વેશ પટેલનું ઈડર વડાલીના ગામમાં ઉમા છત્ર અભિયાન હેઠળ સુરક્ષા યોજના હેઠળ જોડવામાં આવ્યા. આ યોજના વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ૧૦૦૦ કરોડના વિવિધ પ્રોજેક્ટરથીનો એક ભાગ છે. તેવુ પ્રમુખ ઉર્વેશ પટેલે જણાવ્યું છે.

## વસુધા ક્રેડીટ સોસાયટીની સામાન્ય સભા પહેલીએ યોજાશે

'ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૧-૮-૨૦૨૧ને રવિવારના રોજ બપોરે ૧.૦૦ કલાકે રામજી મંદિર, સેક્ટર-૩-સી, ગાંધીનગર ખાતે મળશે. વાર્ષિક અહેવાલની પીડીએફ દરેક સભાસદના મોબાઈલમાં વોટ્સઅપથી મોકલવામાં આવી રહ્યાં છે, જે સભાસદોએ જોઈ લેવા વિનંતી. સાધારણ સભામાં માસ્ક પહેરીને આવવું ફરજીયાત છે.